તા.૧૩-૦૧-૨૦૨૦

# *અખબારી યાદી*

ફુડ વિભાગ દ્વારા જાહેર જન આરોગ્ય હિતાર્થે ચીકીનાં જુદા જુદા લેવાયેલ કુલ ૪ (ચાર) નમુના

**ફુડ વિભાગ દ્વારા તા.૧૭/૧૨/૨૦૧૯ થી તા.૧૩/૦૧/૨૦૨૦ દરમ્યાન કુલ ૧૮ જુદી જુદી ચીકીના સેમ્પલ લેવામાં આવ્યા**

રાજકોટ મહાનગરપાલિકાની આરોગ્ય શાખાના ફૂડ વિભાગ દ્વારા શિયાળાની ઋતુને અનુલક્ષીને જાહેર જન આરોગ્ય હિતાર્થે તેમજ લોકોને આરોગ્યપ્રદ અને સ્વાસ્થ્યપ્રદ ખોરાક મળી રહે તે માટે ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ એક્ટ અન્વયે નીચે દર્શાવેલ કામગીરી કરવામાં આવેલ છે.

**ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ એક્ટની જોગવાઈ અન્વયે ફુડ વિભાગ દ્વારા ફૂડ સેફ્ટી ઓફિસરો દ્વારા તા.૧૭/૧૨/૨૦૧૯ થી તા.૧૩/૦૧/૨૦૨૦ દરમ્યાન કુલ ૧૮ જુદી જુદી ચીકીના સેમ્પલ લેવામાં આવેલ હતા. જે તમામ સેમ્પલ પરીક્ષણ અર્થે વડોદરા ખાતે સરકારી લેબમાં મોકલાવેલ છે.**

**(૧) સેમ્પલની વિગત :-**

ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ એક્ટની જોગવાઈ અન્વયે નીચે દર્શાવેલ સેમ્પલ ફૂડ સેફ્ટી ઓફિસરો દ્વારા તા.૧૩/૦૧/૨૦૨૦ નાં રોજ નીચે મુજબની વિગતે જુદી જુદી જગ્યાએથી ચીકીના સેમ્પલ લેવામાં આવેલ છે. જેની વિગત નીચે મુજબ છે. આ સેમ્પલ પરીક્ષણ અર્થે વડોદરા ખાતે સરકારી લેબમાં મોકલાવેલ છે.

| ક્રમ. | નમુનાનુનામ | FBOનું નામ અનેસરનામું |
|---|---|---|
| ૧. | કોપરૂ ગોળની ચીકી (લુઝ) | ક્રિષ્ના સીઝન સ્ટોર, સહકાર મેઈન રોડ |
| ૨. | ગોળ-દાળિયાની ચીકી (લુઝ) | સંતોષ સીઝન સ્ટોર, સહકાર મેઈન રોડ |
| ૩. | તલ ગોળની ચીકી (લૂઝ) | સોનલ સીઝન સ્ટોર, સહકાર મેઈન રોડ |
| ૪. | દાળીયા-ગોળની ચીકી (લુઝ) | ભાવના ગૃહ ઉદ્યોગ, ચુનારાવાડ ચોક પાસે - અનહાઇજીનીક કંડીશન બાબતે નોટીસ આપેલ |

ઉપરોકત નમૂનાના રીપોર્ટ આવ્યે ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ એક્ટ અન્વયે કામગીરી કરવામાં આવશે.

- એવન ચીકી, ભગવતી સોસાયટી, દૂધસાગર રોડ ખાતે બિનઆરોગ્યપ્રદ અખાદ્ય ગોળનો અંદાજીત ૩૦ કિ.ગ્રા. જથ્થાનો નાશ કરેલ છે. તેમજ અનહાઇજીનીક કંડીશન બાબતે નોટીસ પાઠવેલ છે.